वर्ष : १५ सने : २०२० सं.२०७६
अंक : ११, સળંગ અંક-૯૬ चैत्र -मार्च

Published on Date 22 every month

# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૧૫ સને ૨૦૨૦ સં.૨૦૭૬

અંક : ૧૧ ચૈત્ર/માર્ચ સળંગ અંક-૯૬

**: લેખક - પ્રેરક :**

જ્ઞાનનિધિ ચારિત્રરત્ન પૂજ્યપાદ

**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**

પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ

ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,

અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,

આચાર્યદેવ શ્રીમદ્

**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

**: માનદ સંપાદક :**

**અને**

**: પત્ર વ્યવહાર :**



**જ્યોતીન્દ્રભાઈ જે. શાહ**

૩-બી, કંચનતારા એપાર્ટમેન્ટ,

જૈનનગર, સુવિધા શોપિંગ સેન્ટર પાછળ,

પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

ફોન : (R) 26650626

(M) 9824252978



**: લવાજમ :**

**વાર્ષિક રૂ. 151-00**

**આજીવન રૂ. 1000-00**

**પેટ્રન રૂ. 2000-00**


**આ અંકમાં.....**


★ **વિનયના પાયા ઉપર ઈમારત, શૂન્યથી સિદ્ધિ -૨**

★ **માનવલોકમાં છ નરક**

★ **સમ્યગ્દર્શનનો પ્રભાવ**

★ **અનુમોદનાનો અમૃતથાળ**


## આર્ષવાણી

**खर-करह-तुरय-वसहा,**

**मत्तगइंदा वि नाम दम्मंति।**

**एक्को नवरि न दम्मइ,**

**निरंकुसो अप्पणो अप्पा ।।१८३।।**

ગધેડા, ઊંટ - ઘોડા - બળદ અને ઉન્મત્ત હાથી જેવાં પ્રાણીઓ વશ કરાય છે, માત્ર એક અંકુશ(તપ-સંયમરૂપ)વગરનો પોતાનો આત્મા વશ ન કરાય, તે આશ્ચર્ય છે. - **ઉપદેશમાળા**

એકવાર કરેલા ઉત્કૃષ્ટ દ્વેષનું સોગણું લાખગણું, કોડગણું કે કોડા - કોડિગણું ફળ અથવા એથી વધારે ફળ ભોગવવું પડે છે. - **ઉપદેશમાળા**



# ★ વિનયના પાયા ઉપર ઈમારત, શૂન્યથી સિદ્ધિ -૨ ★★★

- શ્રી ધર્મમિત્ર

વિનય ગુણનો મહિમા જણાવતાં શ્રીધર્મદાસ ગણિવર ઉપદેશમાળામાં જણાવે છે કે-ઊંચી સાધુતા ગુરુના ઉપદેશથી વિનીત જીવને પ્રગટે છે.માટે ગુરુવચનને વિકલ્પ કર્યા વિના ઝીલનારા મુનિવરોને ધન્ય છે! ગુરુવચનમાં શ્રદ્ધાવાળા તે આર્યસિંહગિરિના શિષ્યોનું કલ્યાણ થાઓ કારણ કે-તમને આ બાળમુનિ વજ્ર વાચના આપશે, એમ વજ્રસ્વામીથી મોટી ઉંમરવાળા, વર્ષોના દીક્ષાપર્યાયવાળા મુનિવરોને કહેવા છતાં એ મોટા મુનિવરોનું મોં જરા પણ બગડ્યું નહિ.લેશમાત્ર ગુસ્સોય ગુરુ ભગવંત પર ન આવ્યો! માત્ર તહત્તિ કરીને તે ગુરુવાક્યને માથે ચઢાવી બાળમુનિ પાસે વાચના લેવા માંડ્યા !ગુરુપ્રત્યે બહુમાન-વિનય-શ્રદ્ધા-ભક્તિ-વિશ્વાસ ન હોય તો આ વસ્તુ શક્ય ન બને.જાતને ગુરુભગવંતમાં ઓગાળી નાખવી પડે. સમર્પણભાવ હોવો જોઈએ.

વિનીત શિષ્યનું કર્તવ્ય તો એ છે કે - ગુરુભગવંત કદાચ એમ પણ કહે કે જા!આ સામે સાપ જાય છે તેની આંગળીઓથી માપી લાવ,અથવા તે સાપના દાંત ગણી આવ..તો પણ ઈચ્છં કહી, એ આજ્ઞાવચનનો સહર્ષ સ્વીકાર કરી તરત જ તે પ્રમાણે કાર્ય કરે.મનમાં કોઈ સંકલ્પ-વિકલ્પ ન કરે.કારણ,તેના પ્રયોજનને ગુરુભગવંત સારીરીતે જાણે છે.મેં જેમને જીવન સોંપ્યું છે, જેઓએ ભવસાગરમાં ડૂબતા મારો હાથ પકડ્યો છે, તે મારું અહિત ન જ કરે અથવા ન જ થવા દે.અહિત થાય તેવી આજ્ઞા ન જ કરે. શિષ્યની જવાબદારી,શિષ્ય કરતાં ગુરુમ.ને વધારે હોય છે.શિષ્યના હિત - અહિતમાં ગુરુભગવંતનું હિત-અહિત સમાયેલું હોય છે.

હા,દીક્ષા લીધાં પહેલાં ગુરુની બરાબર પરીક્ષા કરવાની. પરીક્ષામાં પાસ થયા પછી જ ગુરુ બનાવવાના.પરંતુ ગુરુ બનાવ્યા પછી સમર્પિત થઈ જવાનું..તેમને ગૌતમસ્વામી માની લેવાના.ગૌતમ સ્વામી માનીને તેઓની કલ્યાણકારી આજ્ઞા માથે ચઢાવવાની, ત્યાં દલીલબાજીમાં નહીં ઊતરવાનું. કેમ ? શા માટે ? વગેરે પ્રશ્નો નહીં કરવાના.ગુરુ બનાવ્યા પછી દિલમાં ભક્તિ-બહુમાન ન જાગે તો શું કામનું ? એનાથી શું લાભ થવાનો ? વિનય ન કરે તો ગુરુની આશાતનાનો દોષ(પાપ)લાગે છે.

કાર્યના પ્રયોજનને જાણનાર ગુરુભગવંત(આચાર્યમ.)ક્યારેક એમ પણ કહે કે, કાગડો ધોળો..તો પણ એ વાકય-વચનનો શિષ્યે સદ્દહણા પૂર્વક સ્વીકાર કરવાનો છે. ગુરુભગવંત નિષ્પ્રયોજન આવું વાક્ય ન જ ઉચ્ચારે, એવો વિશ્વાસ શિષ્યના દિલમાં હોવો જોઈએ.

જે શિષ્ય ગુરુભગવંતના મુખકમલમાંથી નીકળતા વચનને નિર્મળ-નિર્વિકલ્પ મનથી ભાવપૂર્વક સ્વીકારી લે છે,તેને તે ગુરુ-આજ્ઞા 'જેમ પીધેલું ઔષધ રોગનો નાશ કરે તેમ કર્મરોગનો નાશ કરનાર અને સુખકારક બને છે! દેવ-ગુરુનો વિનય લાભ માટે જ થાય છે. કર્મ રોગનો જ નાશ થયા પછી દુનિયાનો કયો રોગ હેરાન કરી શકે ? તમામ રોગોનું મૂળ જ કર્મ(ભાવ)રોગ છે.મૂળ નષ્ટ થયા પછી વૃક્ષની હયાતિ- અસ્તિત્વ જ કયાંથી હોય ?સનત્કુમાર ચક્રવર્તી હતા. ચક્રવર્તીપણાનું પુણ્ય હોવાથી તે પદ મળી ગયું પરંતુ અશાતાવેદનીયકર્મરૂપી ભાવરોગ આત્મામાં વિદ્યમાન હતો.તેના કારણે એક સાથે ૧૬-૧૬ મહારોગો-રાજરોગોએ શરીર પર હુમલો કરી દીધો,છાપો મારી દીધો.અણધાર્યો આવેલો હુમલો અશાતાસ્વરૂપ-દુઃખરૂપ હોવા છતાં, કર્મરોગનો વિચાર કરવાથી લાભ માટે થયો.વૈરાગ્ય ઉજાગર કરનારો થયો.રાજ-પાટ,પરિવાર વગેરેનો ત્યાગ કરી સંયમના પંથે ચાલી નીકળ્યા, વેદના વૈરાગ્યનું કારણ પણ બની શકે છે. જગતમાં ડગલેને પગલે, દરેક ઘટનામાંથી વૈરાગ્ય પેદા કરી શકાય છે. તેને જોવા મૂલવવા માટે સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દૃષ્ટિ જોઈએ.

ગુરુની ઈચ્છાનુસાર(ગુરુમ.ની ઈચ્છામાત્રથી તે તે કાર્ય કરી લેનાર,તેને માટે ગુરુભગવંતને આજ્ઞા કરવાનીય જરૂર પડતી નથી.)વર્તનાર, વિનયભાવવાળા, રોષ નહિ કરનારા(ક્ષમાવાળા),ગુરુભગવંત ઉપર નિત્ય ભક્તિવાળા, ગુરુકુળમાં જ વસનારા, ગુરુનો ત્યાગ નહિ કરનારા જે મુનિઓ છે,તે સુશીલ-સુંદર આચારવાળા અને ધન્યવાદને પાત્ર છે.

આવા ગુણોના પ્રભાવે એ વિનયી શિષ્ય જીવે ત્યાં સુધી તેને યશ અને કીર્તિ મળ્યા કરે છે.તેના ગુણગાન ગવાય છે. પરલોકમાં-ભાવિ જન્મોમાં સુદેવ-સુગુરુ-સદ્ધર્મ મેળવવામાં કારણભૂત ઉત્તમ ધર્મની પ્રાપ્તિ થાય છે. આ સઘળો વિનયાદિ સદ્ગુણોનો પ્રભાવ છે. નિર્ગુણને તો અપયશ-અપકીર્તિ અને અધર્મ મળે છે.જે



પુણ્યશાળી મુનિ દેવાધિદેવની જેમ ગુરુભગવંતની ઉપાસના કરે છે તે ભવ્યાત્મા પૂર્વકૃત પુણ્યાનુબંધીપુણ્યથી પ્રેરણા પામતા રહે છે તેથી જ્ઞાનાદિ સંપત્તિનું ભાજન બની, આગામી કાળમાં સ્વર્ગાદિનાં સુખો ભોગવતાં ભોગવતાં મોક્ષ પામવારૂપ કલ્યાણના ભાગી થાય છે.

ધર્મગુરુ તો શિષ્યને ઘણા પ્રકારનાં લાખો સુખોને આપનારા અને સેંકડો દુઃખોથી બચાવનારા હોય છે.આ વાત કેશી ગણધર અને પ્રદેશીરાજાના દૃષ્ટાંતથી સ્પષ્ટ જણાય છે. તે જ કારણે શાસ્ત્રકાર ભગવંત શિષ્યને કહે છે, હે શિષ્ય! તું ગુરુની ઉપાસના કર.પ્રદેશીરાજા પાંચ ઈન્દ્રિયોની આસક્તિ-નાસ્તિકતા-મોહાદિના યોગે નરકને યોગ્ય કર્મ બાંધવા છતાં ગુરુભગવંતના સમાગમથી,ધર્મમાર્ગે વળી પ્રથમ દેવલોકમાં સૂર્યાભદેવ થયા..આ બધું ધર્માચાર્યના મહિમાને જ આભારી છે ને ? ધર્માચાર્યના દિલમાં અપાર કરુણા અને વાત્સલ્ય ભરેલાં હોય છે. તે જ કારણે શિષ્યને પ્રેરણા-પ્રોત્સાહન આપતા રહે છે.તેપણ અત્યંત સુંદર-નિરવદ્ય(પાપરહિત)વચનોથી શિષ્યના મનને આહ્લાદ ઉત્પન્ન કરતાં - મનને પ્રસન્ન કરતાં વચનોથી શિષ્યને પ્રેરણા આપતા રહે છે.

ધર્માચાર્યના દિલમાં તો કરુણા વહેતી હોય છે. તેમના હૈયામાં શિષ્યના કલ્યાણની જ ભાવના પ્રતિષ્ઠિત થયેલી હોય છે..અહિતથી બચાવવા અને હિતમાં આગળ વધારવાના મનોરથ તેઓના પ્રેમાળ હૃદયમાં છલકાતા હોય છે.છતાં જો શિષ્યના વિનયમાં-સમર્પણના ભાવમાં ખામી હોય તો શિષ્યને લાભ ન થઈ શકે. માટે શિષ્યના જીવનમાં વિનય પ્રધાનપણે હોવો જોઈએ.વિનયવિના તો કાર્યસિદ્ધિ ન થઈ શકે.ગુરુભગવંત પાણી સમયસર સીંચે. સાનુકૂળ પવનની જેમ જિનવચનો સંભળાવ્યા કરે. એક પક્ષે તમામ ચીજો હોવા છતાં શિષ્યના પક્ષે પાત્રતા જ ન હોય તો ફળ ક્યાંથી મળે ? ખેડૂત પણ જમીન-બીજ-પાણી-માવજત..વગેરે અનુકૂળ હોય તો જ ફળ પ્રાપ્ત કરી શકે છે.

વિનય આઠ પ્રકારના કર્મનું વિનયન-અપનયન કરાવતો હોવાથી સર્વસંપત્તિને પ્રાપ્ત કરાવે છે.વિનીત આત્મા માન નામના સુભટના પરાજયનું પરાક્રમ કરાવતો હોવાથી યશ અને કીર્તિને પામે છે. દુર્વિનીત જીવ પોતાનાં કાર્યોની ક્યારેય સિદ્ધિ પ્રાપ્ત કરી શકતો નથી.

વિનયના જ પ્રકાર બતાવવા સાથે તેનાં ફળનું વર્ણન કરતાં જણાવે છે કે, જ્યારે ગુરુભગવંત આવતા હોય ત્યારે સામે જવાથી,તેઓને વંદન કરવાથી, તેઓના ગુણોની સ્તવના કરવાથી,મન- વચન-કાયાદ્વારા નમસ્કાર કરવાથી અને શરીરની શાતા પૂછવાથી;ઘણા જન્મોમાં બાંધેલાં કર્મો અલ્પકાળમાં-ક્ષણવારમાં ઓછાં થઈ જાય છે. સામે જવાની ક્રિયા,તેઓના ગુણોની સ્તુતિ,વંદન-નમસ્કાર,શરીરની કુશલ-પૃચ્છાઃ આ બધું વિનયરૂપ છે. શાસ્ત્રમાં વિનયના ૫-૫૦-૫૨-૬૭ વગેરે ભેદો બતાવ્યા છે.

હવે આગળના ક્રમમાં 'તપસા નિર્જરા ફલં' કહીને જણાવે છે કે, તપનું ફળ કર્મોની નિર્જરા છે. બળવાન તપ જો નિર્જરા ન કરાવી શકે તો નિર્જરાની તાકાત બીજા કયા યોગમાં છે ? સંયમ કરતાંય કર્મનિર્જરા કરાવવાની અનેકગણી શક્તિ તપધર્મમાં-તપોયોગમાં છે. તપથી કોઈ ચીજ અસાધ્ય નથી.જ્ઞાનપંચમી જેવા ઘણા તપો જ્ઞાનાવરણીયકર્મને ખપાવે છે.તો કેટલાક તપ; જેવા કે અષ્ટ મહાપ્રાતિકાર્ય વગેરે દર્શનાવરણીયકર્મના ક્ષય માટે વિહિત છે. નિગોદાયુનિવારણ વગેરે તપ કે સર્વસૌખ્યતપ વગેરે અશુભ આયુષ્ય અને અશાતાવેદનીય કર્મના ક્ષયમાટે છે.આ રીતે વિચારીએ તો દરેક તપ પાછળ કર્મનિર્જશનો જ આશય રહેલો છે. ભલે કેટલાક તપમાં ભૌતિકસિદ્ધિઓ ફળ તરીકે વર્ણવી હોય.પરંતુ કર્મના ક્ષય વગર એ સિદ્ધિઓ પણ મળતી નથી. કર્મના ક્ષય, ક્ષયોપશમ આદિ માટે જ તપનું પ્રયોજન છે, એ વાત સ્પષ્ટ થાય છે. તપમાં, કર્મમાં પરિવર્તન લાવવાની વિશિષ્ટ તાકાત છે, એ પણ નિશ્ચિત વાત છે.

શ્રીતીર્થંકરભગવંતો પોતાની તે જ ભવમાં મુક્તિ જાણતા હોવા છતાં તપનું આચરણ કરે છે,એમ શાસ્ત્રો કહે છે. તપની વાતમાત્ર જૈનોમાં જ છે,એવું નથી. તમામ ધર્મગ્રંથોમાં તપની વાત તો છે જ.હા,દરેકની તપની માન્યતા ભિન્નભિન્ન હોઈ શકે છે. તપના આકાર-પ્રકાર જુદા જુદા હોઈ શકે છે.પરંતુ શબ્દ તો તપ જ વાપર્યો છે.જૈનશાસન જેવા તપના પ્રકાર, તપની વ્યાખ્યા, તપના નિયમો, તપનાં પચ્ચક્ખાણ, વિવિધતપો,તપના ભેદ-પ્રભેદ, તપનાં ફળો,તપથી મળતી સિદ્ધિઓની વાતો બીજા કોઈ ધર્મ - દર્શનમાં જોવા નથી મળતી.

વિનયથી શરૂ થયેલી આપણી ક્રમિક યાત્રા નિર્જરા-કર્મક્ષય સુધી પહોંચી છે. મોક્ષસુધી પહોંચાડવાની છે.આગળના લેખાંકમાં તેની વિચારણા કરીશું. (ક્રમશઃ) ધ



## ★ માનવલોકમાં છ નરક ★★★

-શ્રીધર્મમિત્ર

**कुग्रामवासः कुनरेन्द्रसेवा, कुभोजनं क्रोधमुखी च भार्या।**
**कन्याबहुत्वं च दरिद्रता च, षड् जीवलोके नरका भवन्ति।।**

**ભાવાર્થ :** અધમગામમાં વસવાટ, અધમરાજાની સેવા,ખરાબ ભોજન,ક્રોધી પત્ની,સંતાનમાં ઘણી કન્યાઓ અને દરિદ્રતાઃ આ છ ચીજો માનવલોકમાં નરક જેવી પીડા આપનાર થાય છે.

'નરક'શબ્દ જ આપણને નાપસંદ છે. એ શબ્દ સાંભળતાં જ આસ્તિક આત્માને ભયંકર યાતનાવાળી સ્થાન અને સ્થિતિનું સ્મરણ થઈ આવે છે. તેનો ડર પેદા થાય છે. અલબત્ત,નરકમાં લઈ જનારાં પાપકર્મો, પાપકાર્યો કરતાં જીવને ડર નથી લાગતો! તમામ આસ્તિક દર્શનકારોએ નરકગતિ અને નારકી જીવની વાત ધર્મગ્રંથોમાં કરી છે.મોટાં મોટાં પાપોનાં ભયાવહ દુઃખો ભોગવવાની જગ્યા એ છે,એવો ખ્યાલ આપ્યો છે.એ સ્થાનમાં જવાની કોઈની ભાવના-ઈચ્છા હોતી નથી. આવું સ્થાન તો વાસ્તવિક આપણે વસીએ છીએ, તેની નીચે છે. એ સ્થાન તો મૃત્યુ પછી પાપીજીવોને પ્રાપ્ત થાય છે.આવા સ્થાનની વાત પણ રુંવાટાં ઊભાં કરી દે છે! માત્ર ત્યાંની પીડાઓની વાત, જે જૈન-અજૈન ઘણા ગ્રંથોમાં વાંચવા જોવા મળે છે,તે સાંભળતાં કે વાંચતાંય દિલ દ્રવી ઊઠે.લોહી થીજી જાય છે. મન શૂન્ય બની જાય છે. સાક્ષાત્ પીડા તો કેવી હશે !

શાસ્ત્રકાર ભગવંતો ફરમાવે છે કે-કરોડપૂર્વનું (૧ પૂર્વ =૭૦,૫૬૦ અબજ વર્ષ) આયુષ્ય હોય.નવમા વર્ષે કેવલજ્ઞાન થયું હોય અને નરકનાં દુઃખોનું વર્ણન કરવા બેસે તો આયુષ્ય પૂરું થઈ જાય પરંતુ દુઃખોનું, પીડાઓનું વર્ણન પૂરું ન થાય.એવી દીર્ઘકાલીન જાલિમ દુઃખોની હારમાળા(પરંપરા)ત્યાં હોય છે. ઠાણાંગ,ભવભાવના, તત્ત્વાર્થસૂત્ર તથા તેની વિવિધ ટીકાઓ પ્રશ્નવ્યાકરણાંગ સૂત્ર વગેરે ઘણા ગ્રંથો-આગમો-શાસ્ત્રોમાં એનું વર્ણન છે.જૈન ઉપરાંત અજૈન ગ્રંથો - પુરાણોમાંય નરકની તથા નરકની યાતનાઓની વાતો આવે છે.

પરંતુ ઉપરના શ્લોકમાં તો ત્યાંની નહીં,માનવલોકમાં નરક જેવી પીડા ક્યાં ક્યાં છે ?તેની વાત કરી છે.તેમાં મુખ્ય છ સ્થાનો બતાવ્યાં છે. પહેલી પીડા'કુગ્રામવાસ'તરીકે મૂકીને જણાવે છે કે અમુક ગામો એવાં હોય છે કે દોઝખ

જેવાં લાગે. ત્યાં સુખ ન હોય.ગામમાંથી ક્યારે છુટાય એવા જ વિચારો સતત ચાલ્યા કરે.કારાવાસમાંથી જેમ જલદી બહાર નીકળવા જીવ તડપતો હોય તેવી હાલત એ જીવ પેલા અધમ ગામમાં ભોગવતો હોય છે.મુસ્લિમોનું ગામ હોય, ધર્મઝનૂની પ્રજા ત્યાં રહેલી હોય. તેમાં જૈન અથવા હિંદુ કોઈ પરિવાર રહેલો હોય તેની સ્થિતિ કેવી થાય ? તેને શારીરિક,માનસિક કેવી વેદના સહન કરવાની આવે ?વ્યાધિ કદાચ ન હોય તોય આધિ અને ઉપાધિ તો બેસુમાર હોય. શારીરિક પીડા આપતા હોય તો વ્યાધિ પણ આવે જ.આવું સ્થાન નરકની યાદ અપાવ્યા વગર ન રહે.આવા ગામમાં શારીરિક કરતાં માનસિક પીડા સતત જીવને કોરી ખાય છે.

નરકની યાદ અપાવનારી બીજી પીડા, માનવોને અધમ-ખરાબ કુરાજાની સેવા કરવામાં હોય છે.કેટલાક રાજાઓ સેવકોનું શોષણ કરતા હોય છે. પ્રજાને પણ રંજાડતા હોય છે. સુખેથી જીવવા દેતા નથી! પાતાળલોકની વેદનાઓનો તે રાજાઓ અહેસાસ કરાવે છે.વિપાકસૂત્રમાં પ્રથમ અધ્યયનમાં આવતું અક્કાઈ રાઠોડનું વર્ણન આ વિષયમાં બરાબર બંધ બેસે તેવું છે.સેવકો અને પ્રજા તમામનું તે શોષણ જ કરતો.ધન-માલ-મિલકત લૂંટી લેતો.ખોટાં નિમિત્તો ઊભાં કરીને બધું પડાવી લેતો. ગમે તેટલું મેળવ્યા પછી પણ તેને સંતોષ નહોતો. લોભરૂપી તૃષ્ણાના યોગે તે હંમેશા ભૂખ્યો - તરસ્યો જ રહેતો. છેવટે બધું ભેગું કરી, અનેક રાજરોગોથી ગ્રસ્ત બની, ભયંકર વેદના ભોગવી ભેગું કરેલું ભોગવ્યા વગર, સાથે લીધા વગર નરકમાં ચાલ્યો ગયો ! મૃગાલોઢિયો થયો. વગેરે વાતો કંપારી છૂટે એવી છે. અહીં માનવના જીવનમાંય તેણે જે યાતના ભોગવી છે, તેનું વર્ણન શ્રમણભગવાન મહાવીરપ્રભુએ ગૌતમસ્વામીને સંભળાવેલ, તે વાત વિપાકસૂત્રમાં ભગવાન પોતાના શ્રીમુખે કહે છે. ગૌતમ ! નરકની યાતના તે જીવ અહીં ભોગવે છે.ગૌતમ સ્વામી પણ તેને પ્રત્યક્ષ જોવા માટે પ્રભુની આજ્ઞા લઈ ગયા હતા.કેવી દુર્ગંધ ? કેવી યાતના ? કેવું શરીર ? કેવાં અંગોપાંગ ? આ બધી વાતો તે આગમ પઠન-પાઠનની યોગ્યતા પ્રાપ્ત ગુરુભગવંત પાસે સાંભળવા જેવી છે.

માનવલોકમાં નરકની યાદ અપાવનારી ત્રીજી વેદના ગણાવી છે, કુભોજન. ગણધરવાદમાં વેદવાક્ય નોંધીને જણાવ્યું કે જે શુ-દ્રાન્નનું ભક્ષણ ભોજન કરે છે, તે નરકમાં જાય છે.કેટલાય જીવો માનવજન્મ પામ્યા પછી પણ અનાજ વગેરે



છોડી, ભક્ષ્ય પદાર્થો ઢગલાબંધ મળવા છતાં અભક્ષ્ય પદાર્થો આરોગે છે. માંસાહારથી લઈ, કંદમૂળ વગેરે ન ખાવા યોગ્ય ચીજો પવિત્ર પેટમાં પધરાવી શરીરને અભડાવે છે ! આવો ખોરાક નરકમાં જન્મ અપાવવા માટે થાય છે, મતલબ આવા પદાર્થો ખાનાર જીવ સાક્ષાત્ નરકની યાતના (બીજાને તેવી પીડા આપતો હોવાથી અને અનુચિત ખોરાક ખાતો હોવાથી) ભોગવવા ચાલ્યો જાય છે !

કેટલાય માનવ જીવો તેવા પ્રકારનાં પાપ કર્મોના ઉદયના કારણે એંઠું, જૂઠું સડી ગયેલું, બગડી ગયેલું - વાસી - દુર્ગંધ આવતી હોય તેવું ખાતા જોવા મળે છે. આવા જીવોને જોઈને પણ દયાની લાગણી, દયાળુ દિલમાં જન્મ્યા વગર ન રહે. કારણ, આ પણ નરકની જેમ ભૂખના કારણે ગમે તેવો પદાર્થ ખાઈ લેવા મજબૂર થઈ જાય છે ! શાસ્ત્રકારને માટે જ તો કહેવું પડ્યું.'ભૂખ જેવું કોઈ દુઃખ નથી ને ઊંઘ જેવું કોઈ સુખ નથી.' ભૂખ લાગે ત્યારે યોગ્ય ખોરાક ન મળે તો અયોગ્ય - અભક્ષ્ય-એંઠું - સડેલું - બગડેલું - કહોવાયેલું - દુર્ગંધવાળું પણ ખાવા માટે તે જીવ તૈયાર થઈ જાય છે. તેના માટે ન ખાવા લાયક કાંઈ જ હોતું નથી! લોકમાં પણ કહેવત છે :'ઊંઘ ન જુએ તૂટી ખાટ,ભૂખ ન જુએ ટાઢો ભાત,ઈશ્ક ન જુએ જાત-કજાત.'

નરકની વેદનાની યાદ આપવનારી ચોથા નંબરની પીડા છેઃ ક્રોધી પત્ની. વાત-વાતમાં પગ પછાડનારી, ક્રોધથી ધમધમતી, આવેશમાં આવીને ગમે તેવા લવારા કરનારી, દાવાનળ બનીને દઝાડનારી સ્ત્રી જેને મળી હોય તેને પૂછવા જેવું છે.તેના જીવનને વેરાન જંગલ બનાવનારી, સુખને સળગાવી દેનારી,આનંદને ઝૂટવી લેનારી, ખુશીને ગમમાં પલટાવનારી સ્ત્રી નરકની યાદ અપાવે છે. સાથે રહેવા છતાં પરસ્પર નારકીના જીવો જેમ સતત ક્રોધથી ધમધમતા હોય છે. એક-બીજા ઉપર તૂટી પડતા હોય છે. બેસીતમ પીડા-યાતના વરસાવતા હોય છે. તેમ આ સ્ત્રી પણ જીવનનો આનંદ લૂટી લે છે.ક્રોધથી પોતે તો સળગે છે.બીજાને પણ સળગાવે છે, દઝાડે છે.કાયમ એનાથી દૂર રહેવાનું જ મુનાસિબ માનવામાં આવે છે.પત્ની ઉપરનો રાગ-પ્રેમ દ્વેષમાં પરિણમે છે.જતે દિવસે પતિનેય એનો ચેપ લાગે છે. તેનો સ્વભાવ પણ ક્રોધી ચીડિયો થઈ જાય છે.

ક્રોધી માનવને પોતાનો ક્રોધ દોષરૂપ ન દેખાતો હોય તે બનવા જોગ છે

પરંતુ બીજાનો ક્રોધ આપણને ગમે તેવું તો ક્યારેય નહીં બને.મતલબ, બીજાનો ક્રોધ આપણને દોષરૂપ લાગે જ છે.પર્વત પર લાગેલી આગ દેખાય છે,પરંતુ પગ પાસે લાગેલ આગ નથી દેખાતી; આવો ઘાટ છે.શાસ્ત્રકાર ભગવંતો જણાવે છે કે-પહેલાં પોતાના દોષો-દુર્ગુણો શોધવાનો પ્રયત્ન કરો.એ દોષો-દુર્ગુણોને જીવનમાંથી હાંકી કાઢવાનો પ્રયત્ન કરો.બીજાના દોષો જોયા કરવાની બેવકૂફી પોતાને દોષોનો ભંડાર બનાવે છે.દુર્યોધન જેવા ક્યારેય ન બનવું.

આ રીતે સ્ત્રીનો ક્રોધી સ્વભાવ એ પતિ-પુરુષ માટે નરક જેવી પીડા આપનારો બને છે.અંગારાનો સ્પર્શ ભલા ! કોણ કરે ? કોને ગમે ?

'કન્યાબહુત્વ'કહીને પાંચમી પીડા બતાવી છે.અર્થાત્ નરકની પીડાનો અનુભવ કરવામાં તેનો પણ નંબર છે કે જેને સંતાનરૂપે, ઘણી કન્યાઓ હોય,વધારે પુત્રીઓ હોય.હા,એ પુત્રીઓ સંયમના માર્ગે સંચરે તો કોઈ પીડા નથી આવતી.એટલે કે નારકીની પીડાનો અહેસાસ નથી થતો. કન્યાઓ વધારે હોય તો ઘણી ચિંતા થાય છે.તેના લગ્નાદિના ખર્ચાનોય વિચાર પીડાદાયક હોય છે. કન્યાને વ્યવહારમાં સાપના ભારા જેવી ગણાવી છે. ખેડૂતને પાડી આવે તો આનંદ થાય છે. પાડો જન્મે તો પીડા થાય છે. કારણ ભેંસ તો દૂધ વગેરેનો લાભ કરાવે છે. જ્યારે પાડો તો માત્ર ખર્ચ જ કરાવે છે.સાચવવાની પાલન-પોષણની ચિંતા રહે છે.કોઈ ઉપયોગમાં આવતો નથી.તેમ અહીં તે કન્યા માટે પતિ(જમાઈ)ની શોધ કરવી વગેરેની ચિંતા સતાવે છે.એ ચિંતા માનવને કોરી ખાય છે.કન્યા મોટી (યોગ્ય ઉંમરે પહોંચ્યા પછી) થાય તે પહેલાં જ ચિંતા ઘેરી વળે છે.એક કન્યા હોય તોય જો ચિંતા પજવતી હોય ત્યાં અનેક કન્યાવાળાની તો હાલત શું થાય ? એ પીડા નરકની યાદ અપાવી દે છે.કન્યાને અમુક ઉંમર પછી પિતાના ઘરમાં ન રખાય. રાખે તો ટીકા-નિંદા થાય.

છેલ્લી અને છઠ્ઠી નારકીની પીડાનું નામ છેઃ દરિદ્રતા. દરિદ્રતા એક અભિશાપ ગણાય છે. ધનની જ જ્યાં બોલબાલા હોય ત્યાં દરિદ્રતાયુક્ત વ્યક્તિને કેવું હડહડતું -ઘોર અપમાન સહેવું પડે ? ઘર-પરિવાર લઈને બેઠેલા સંસારીજીવને ડગલે ને પગલે પૈસાની જરૂર પડે. તેના વગર તમામ કાર્યો સિદાય, અટકીને રહે. ઘર-બજાર-વ્યાપાર-શિક્ષણ-ખાનપાન-સમાજ..... તમામ ક્ષેત્રોમાં ધન વગર ક્યાં ચાલે છે ? સર્વત્ર ધનની જ બોલબાલા છે.



સંસ્કૃતસુભાષિતમાંય કહેવાયું છે કે.-'સર્વે ગુણાઃ કાંચનમાશ્રયન્તે.'અર્થાત્ તમામ ગુણો મિલકત-ધન-સુવર્ણનો આશ્રય કરે છે,બાકીના તમામ દોષો ધનના માધ્યમથી ઢંકાઈ જાય છે.તે જ રીતે નિર્ધન-દરિદ્રીના તમામ ગુણો ધનના અભાવે ઢંકાઈ જાય છે.નિર્ધનતા જ બહાર ડોકાયા કરે છે! ત્યારે જ તો ગુજરાતીમાંય કહેવત પડીઃ'નાણા વગરનો નાથિયો ને નાણે નાથાલાલ !'નાથિયામાંથી નાથાલાલ બનાવનાર બીજું કોઈ નહિ,નાણું એટલે ધન છે. લોક વ્યવહારમાંય ધનવાનને માન-પાન મળતાં જોવાય છે.સૌ ધનપતિને જ આગળ કરે છે. તેનામાં ગમે તેટલા અવગુણો-દોષો હોય તોય ધનદ્વારા ઢંકાઈ જાય છે. દુનિયામાં ધનને મહત્ત્વ અપાતું હોવાથી અને ધનવાનની બોલબાલા હોવાથી નિર્ધનતાને નરકસમી પીડા ગણાવાય છે.

હા,આ તમામ બાબતોમાં સમજવા જેવી વાત એ છે કે ધર્મીજીવ માટે,ધર્મશાસ્ત્રોનાં કથન મુજબ આ કર્મજન્ય પીડા છે.નરકમાં નારકી તરીકે પીડા હોય કે કોઈ પણ ગતિમાં, કોઈ પણ પ્રકારની યાતના હોય તે કર્મ યોગે જ આવે છે. અનુકૂળતા - શાતા જેમ પુણ્ય કર્મનો ઉદય સૂચવે છે, તેમ પ્રતિકૂળતા-અશાતા-પીડા પાપકર્મનો ઉદય સૂચિત કરે છે.માટે ધર્માત્મા તો તમામ પીડાઓના સમયે સમતા રાખીને, પોતાનાં કરેલાં કર્મનું ફળ છે, એમ સમજી ભોગવે છે,તેના કારણે કર્મ ખપાવે છે.નવાં બાંધતા નથી. અજ્ઞાની જીવો હાય-વોય કરીને નવાં કર્મો બાંધે છે.'દેહદુઃખં મહાફલં' શાસ્ત્રવાક્યને જાણનાર - પચાવનાર પુણ્યશાળી શારીરિક પીડાને મહાફળવાળી ગણીને મજેથી ભોગવે છે. દુઃખ - પીડાને હસતાં હસતાં સ્વીકારે છે. સંસારમાં આવતી તમામ પીડાઓનું, આમંત્રિત મહેમાનોની જેમ સ્વાગત કરે છે. પ્રેમથી એને રાખે છે.કાઢી મૂકવાની વાત ક્યારેય કરતા નથી. કારણ, ભૂતકાળમાં એ સુખ - દુઃખ બંનેને પોતે જ આમંત્રણ આપ્યું છે.આમંત્રણ વગર એ ક્યારેય આવતાં જ નથી.

નારકીની પીડાને સમતાભાવે સહન કરનારા શ્રેણિક રાજા-કૃષ્ણ-મહારાજા વગેરેને સમ્યગ્દર્શનના પ્રભાવે હાય-વોય નથી થતી, તો માનવલોકમાં આવેલી કે આવનારી પીડાથી તેઓ ક્યાંથી ડરે ?ન જ ડરે.આપણે પણ આવું જ સત્ત્વ વાપરી પીડાને પ્રેમથી આવકારીએ, ભોગવીએ અને હંમેશ માટે પાપ-દુઃખ મુક્ત બનીએ એ જ મંગલ કામના. ધ

## ★ સમ્યગ્દર્શનનો પ્રભાવ ★★★

**- પૂ.આ.ભ.શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા**

અનંતકાળના સંસાર પરિભ્રમણના અંતનો પાયો સમ્યગ્દર્શન છે, એમ કહેવું તદ્દન યોગ્ય જ છે. કારણ, સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થતાંની સાથે જ સંસાર પરિમિત બની જાય છે. સંસારથી મુક્તિ તરફનો માર્ગ શરૂ થાય છે. હવેની મંઝીલ મુક્તિ હોય છે. હવે સંસારનો અંત લાવવામાં અર્ધ પુદ્ગલપરાવર્તની મર્યાદા બંધાઈ જાય છે. તેથી વધુ પરિભ્રમણ કરવું પડતું નથી. ઉપદેશમાળાની ગાથા ૨૭૦ માં જણાવે છે કે સમ્યગ્દર્શન પ્રાપ્ત થતાં જ દુર્ગતિ રૂપ નરક અને તિર્યંચગતિને તાળાં દેવાઈ જાય છે. એટલે કે - દુર્ગતિ સ્થગિત થઈ જાય છે. તે જ રીતે દેવભવનાં અને માનવભવનાં સુખો ભોગવતાં અંતે મોક્ષનાં અનંત સુખો પણ 'સ્વાધીન' થઈ જાય છે.

અત્યારસુધી જે સુખો પરાધીન હતાં... કરોડો - અબજો યોજન દૂર હતાં.. તે હવે નજીક બની જાય છે. સ્વાધીન થતાં જાય છે. હા, સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થયા પછી આવાં ભૌતિક સુખો મેળવવાની લાલસા નથી હોતી. એ જીવને તો માત્ર આત્મિક સુખોની ખોજ હોય છે. પુદ્ગલના સંગથી મળનારાં, દુઃખનાં કારણભૂત, રાગ-રતિનામનાં પાપના માર્ગે ખેંચી જનારાં, ઈન્દ્રિયો અને મનને બહેલાવનારાં, નવાં પાપોની સાંકળ ઊભી કરનારાં, વિયોગના સમયે ઉદ્વેગ - અરતિ વગેરે ઉત્પન્ન કરાવનારાં સુખોની અપેક્ષા એ જીવની મટી જાય છે. કારણ, એ સુખોની પાછળ અવશ્ય આવનારાં દુઃખો એને દેખાય છે. આત્માની પરાધીનતા અને પરતંત્રતાનાં એને દર્શન થાય છે.

હવે એ જીવને સ્વાધીન સુખોનું આકર્ષણ હોય છે. શાશ્વત સુખોનો જ પક્ષપાત હોય છે. સંવેગનો ભાવ જ પ્રબળ બનતો જાય છે. સંસાર ઉપર નિર્વેદ જાગ્યાબાદ પરાધીન અને પૌદ્ગલિક સુખોની ઘેલછાનો અંત આવી જાય છે. સંવેગના પરિણામ ઝટ મુક્તિ તરફના પ્રયાણ-પ્રાપ્તિનો પુરુષાર્થ કરાવે છે. ખેર ! એને મુક્તિ ન મળે ત્યાંસુધી દેવ-માનવના જન્મો અને ત્યાંનાં સુખો; વગર માંગે - વગર ઈચ્છાએ મળતાં જ રહે છે. સમ્યક્ત્વના પ્રભાવે તેને સુખો પાગલ નથી બનવા દેતાં. મિથ્યાત્વી જીવ જ્યાં રાગ - રતિથી રંગાઈ જાય છે. એ સુખોની પાછળ પાગલ બની જાય છે. ત્યાં સમ્યક્ત્વવાળો જીવ એ જ સુખો ભોગવવાં પડે તોય આસક્ત નથી બનતો. એ યથાયોગ્ય જિનભક્તિ અને વિરક્તિથી રંગાયેલો રહે છે. ભક્તિ અને વિરક્તિનો ઉપાસક બની રહે છે.



ક્યારેક તે જીવ ભૌતિક વિષયોમાં, તો ક્યારેક કષાયોમાં ફસાઈ જાય તો એના સમ્યગ્દર્શનનું જોખમ ઊભું થઈ જાય છે. મતલબ, સમ્યક્ત્વ ચાલ્યું પણ જાય છે. માટે એ જીવનો પુરુષાર્થ ઉપશમ કે ક્ષયોપશમભાવના સમ્યગ્દર્શનથી આગળ વધી ક્ષાયિક સમ્યક્ત્વની પ્રાપ્તિ માટેનો હોય છે. ક્ષાયિક સમ્યક્ત્વ આવ્યા પછી સંસાર અલ્પ સમયમાં અને અલ્પભવોમાં ખતમ થઈ જાય છે. જીવ અનંત આનંદના સ્થાનરૂપ મુક્તિના મહેલમાં પહોંચી જાય છે. વિરક્તિથી મુક્તિ સહેલી થઈ જાય છે. સમ્યક્ત્વ આવ્યાબાદ દેશવિરતિ - સર્વવિરતિનો માર્ગ સરળ બની જાય છે. સર્વવિરતિના માધ્યમથી મુક્તિનો માર્ગ સરળ બની જાય છે. મુક્તિની તાલાવેલી અને થનગનાટ વેગ પકડે છે.

વળી, આગળ ગાથા ૨૭૧ માં જણાવે છે કે - 'મિથ્યાશાસ્ત્રોનાં શ્રવણને તોડી નાંખનારું (મથન કરનારું) સમ્યક્ત્વ જેના દિલમાં સ્થિર થયું હોય તેને, જગતમાં ઉદ્યોતકર કેવલજ્ઞાન અને સંસારનો નાશ કરનાર સર્વસંવરરૂપ ચારિત્ર પ્રગટ થાય છે. આનો અર્થ એ થયો કે - સમ્યગ્દર્શન હોય તો તે ભવે કે ભવાંતરમાં જ્ઞાન અને ચારિત્રરૂપ ધર્મ પ્રાપ્ત થાય છે, તે તેના સંસારનો અવશ્ય નાશ કરે છે. માટે સમ્યગ્દર્શન -જ્ઞાન અને ચારિત્ર ત્રણેની જરૂર પડે છે. ત્રણેના સુયોગ્ય સંયોજનથી (લોલીભૂતભાવથી) જ મુક્તિ મળે છે. ત્યારે જ તો તત્ત્વાર્થસૂત્રકાર પૂર્વધર મહર્ષિ ભગવાન ઉમાસ્વાતિજી મ. જણાવે છે. 'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ' એકની પણ ગેરહાજરી હોય તો કામ ન થાય. સૂંઠની ગોળી બનાવવા માટે જેમ સૂંઠ - ગોળ (સાકર) - ઘી : એમ ત્રણેની જરૂર પડે. એક પણ દ્રવ્ય ઓછું ન ચાલે.. તેમ અહીં પણ સમજવું.

સમ્યગ્દર્શન મળ્યા પહેલાં ગમે તેટલું જ્ઞાન મેળવે, ગમે તેટલું ઊંચું ચારિત્ર પાળે તોય કલ્યાણ ન થાય, કાર્યસિદ્ધિ ન થાય, સમ્યગ્દર્શન આવ્યાબાદ દ્રવ્યચારિત્ર (વેષ) ન લે અને ભાવચારિત્ર (ગુણસ્થાન)થી મુક્તિ મળી શકે છે. તે જ રીતે હરિભદ્રસૂરીશ્વરજી મ.જણાવે છે - દર્શનથી ભ્રષ્ટ એ ભ્રષ્ટ જ ગણાય. દર્શન - સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ થયેલાને મોક્ષ ન મળે. હજી ચારિત્ર રહિત એટલે ચારિત્રનો વેશ લીધા વગર (ભાવથી ચારિત્રની સ્પર્શના કરી) નિર્વાણ પ્રાપ્ત કરી શકાય છે.

સમ્યગ્દર્શન વગર માત્ર વેષ ગ્રહણ કરવાથી આચાર્ય - ઉપાધ્યાય કે સાધુ નવકારના ત્રીજા-ચોથા કે પાંચમા પદમાં સ્થાન મેળવી શકતા નથી ! તેથી જ સમ્યગ્દર્શનને પાયાના ગુણ તરીકે વર્ણવ્યો છે. પાયા વગર ઈમારત ક્યાંથી ઊભી થઈ શકે ? પાયાની મજબૂતાઈ ઉપર જ ઉમારતની મજબૂતાઈ નક્કી થાય છે.

પાયો મજબૂત ન હોય ને ઈમારત મજબૂત હોય તો પણ એ ઈમારતનો ભરોસો ન કરાય. ગમે ત્યારે દગો આપી શકે. અભવ્યના જીવો દિવ્ય ભોગાદિ સામગ્રી મેળવવા - ભોગવવા ઉત્કૃષ્ટ ચારિત્ર પાળતા હોવા છતાં સમ્યક્ત્વના અભાવના કારણે એકવાર દેવલોક (ગ્રૈવેયક વિમાની મેળવી લે.. પરંતુ પછીની હાલત ખૂબ જ દયનીય હોય છે. મતલબ, દુર્ગતિમાં લાંબો સમય ભટકવું પડે છે.)

વળી, સમ્યગ્દર્શનથી યુક્ત ચારિત્રવાળો દિવ્યલોકના ઉત્કૃષ્ટ આયુષ્યનો બંધક બને છે. માત્ર અજ્ઞાન કષ્ટ રૂપ મિથ્યાત્વયુક્ત ચારિત્રવાળો, તાપસ વગેરે મધ્યમ આયુષ્યવાળો દેવ થાય છે, એમ ભગવતીસૂત્રમાં જણાવ્યું છે. આ બધો પ્રભાવ સમ્યગ્દર્શનનો જ ગણાય છે. તમામ તીર્થંકરભગવંતોના ભવની ગણતરી સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યા પછી જ થાય છે. એટલે કે સમ્યદર્શન પામ્યા પછી કેટલામા ભવે તીર્થંકર થયા અથવા મોક્ષે ગયા, તે ગણાય છે. મિથ્યાત્વ જેવો કોઈ દુશ્મન નથી, રોગ નથી... તો સમ્યક્ત્વ જેવો કોઈ મિત્ર નથી.. આરોગ્ય નથી.. એમ પણ કહી શકાય.

સમ્યગ્દર્શન આવ્યા પછી મિથ્યાજ્ઞાન પણ સમ્યગ્ બની જાય છે. માટે જ તો મિથ્યાત્વને અંધકાર તરીકે અને સમ્યક્ત્વને પ્રકાશ તરીકે ગણાવેલ છે. મિત્યાત્વ સહિત નવપૂર્વ સુધીનું શાસ્ત્ર જ્ઞાન મેળવે તોય અજ્ઞાન તરીકે ગણાય છે. સામે પક્ષે સમ્યગ્દર્શન વાળો માત્ર અષ્ટ પ્રવચન માતાનો જાણકાર હોય તોય જ્ઞાની કહેવાય છે. આના ઉપરથી એ ફલિત થાય છે કે સમ્યગ્દર્શનની કિંમત જૈન શાસને કેટલી આંકી છે ?

વ્યાપારીની પરિભાષામાં વાત કરીએ તો એમ કહેવાય કે - સમ્યક્ત્વ મળ્યું એટલે વ્યાપાર કરવા માટે 'મૂડી' મલી. મૂડી સારી-પૂરતી-વ્યવસ્થિત હોય તો વ્યાપાર સારો થઈ શકે. જો મૂડી જ ન હોય તો ? બુદ્ધિ - જગ્યા - સમય વગેરે તમામ સામગ્રી હોવા છતાં વ્યાપાર ન થઈ શકે. વ્યાપાર ન થાય તો કમાણી ક્યાંથી - કેવીરીતે થઈ શકે ? વ્યાપારમાં મૂડી અને ચોપડા : બે ચીજ તો જોઈએ જ. પ્રભુના તીર્થને ચલાવવા માટે 'પ્રતિમા' મૂડી છે અને 'આગમો' એ ચોપડા છે. તેના આધારે જ શાસન સુવ્યવસ્થિત રીતે ચાલે છે, સ્થાનકવાસી - તેરાપંથીઓ પાસે મૂડી નથી. જ્યારે દિગંબરો પાસે ચોપડા નથી. શ્વેતાંબર મૂર્તિપૂજકો પાસે બંને ચીજ છે. તેથી



તેમનો વ્યાપાર ધમધોકાર ચાલી રહ્યો છે. અલબત્ત, સ્થાનકવાસી - તેરાપંથીઓ પાસે ચોપડા હોવા છતાં પૂરા નથી. ૪૫ માંથી ૩૨ જ માને છે. તેના કારણે કેટલાક નીતિનિયમોમાં - પહેરવેશમાં ભિન્નતા જોવા મળે છે. ભક્ષ્યાભક્ષ્યના વિષયમાં ઘણી અસમાનતા જોવા મળે છે. તમસ્કાય - સંમૂચ્છિમજીવોની ઉત્પત્તિ વગેરે વિષયોમાં વિષમતા દેખાય છે. આવી તો ઘણી માન્યતાઓ અલગ-અલગ છે. પરંતુ પ્રસ્તુત લેખમાં એને સ્થાન આપવા જઈએ તો વિષયાંતર થઈ જાય માટે મૂડી-ચોપડાની વાત નીકળી તેથી સામાન્ય ઉલ્લેખ કરી મૂળ વિષય પર આવી જઈએ.

ઉપદેશમાળાની ગાથા ૨૭૨ માં જણાવ્યું છે કે - સુપરિક્ષિત યાને દઢ - સમ્યક્ત્વવાળો જીવ :જ્ઞાનથી સર્વસદ્ભાવ-જીવાદિ તત્ત્વોના બોધવાળો અને નિર્વ્રણ - અતિચાર રહિત ચારિત્રવાળો હોવાથી ઈચ્છિત - ઈષ્ટ અર્થ - પ્રયોજનને (મોક્ષને) સાધે છે. અર્થાત્ મોક્ષ મેળવવો આવા જીવ માટે સરળ બની જાય છે.

સમ્યક્ત્વની હાજરીમાં સદ્ગતિનું જ આયુષ્ય બંધાય છે. જેમ કે તિર્યંચ કે માનવ હોય તો અવશ્ય દેવાયુ જ બાંધે અને દેવ કે નારકી હોય તો અવશ્ય માનવનું જ આયુષ્ય બાંધે છે. જો કે સમ્યક્ત્વની હાજરી હોય તો તેને માટે ચારે ગતિ સદ્ગતિ જ ગણાય. દા.ત. અત્યારે શ્રેણિકરાજા, કૃષ્ણ મહારાજા વગેરે ઘણા ઘણા જીવો એવા છે કે ત્યાંથી નીકળી તીર્થંકર થવાના છે. તેઓ સમ્યક્ત્વપ્રાપ્તિ પૂર્વે નરકના આયુષ્યને બાંધવાના કારણે ત્યાં ગયા પરંતુ સમ્યગ્દર્શનની હાજરીના પ્રભાવે દુઃખમાંય સમાધિ ટકાવી શકે છે.

જ્યાં દુઃખ હોય તે દુર્ગતિ એવી વ્યાખ્યા યોગ્ય નથી. સુખ હોય તે સદ્ગતિ એવી વ્યાખ્યા પણ વ્યાજબી નથી. સુખ - દુઃખમાં સમાધિ રહે તો સદ્ગતિ કહેવાય. બંને જગ્યાએ સમાધિ જરૂરી છે. સુખમાંય સમાધિ ટકાવવાનું કાર્ય સહેલું નથી. સમાધિ = સમાધાન. સુખમાં હોય કે દુઃખમાં સમાધાન મેળવતાં શીખવાનું છે. સમાધિ નવાં કર્મબંધથી અટકાવે છે. સમાધિ, સમાધાન ન હોય ત્યાં કર્મબંધ ચાલું જ રહે છે. નવાં નવાં અશુભકર્મો બંધાતાં હોય ... જીવ ધર્મથી દૂર ધકેલાતો હોય, રાગ-દ્વેષાદિ કષાયોમાં, આહારાદિ ચાર સંજ્ઞાઓમાં કે પાંચ ઇન્દ્રિયના વિષયોમાં ઊંડો ઊતરતો હોય તો તે પણ, તે જીવ માટે દુર્ગતિ જ કહેવાય. (ક્રમશઃ) ધ

## ★ અનુમોદનાનો અમૃતથાળ ★★★

- સંકલન

આગમ-શિલ્પ-વિધિવિધાનવિશારદ પૂ.આ.ભ.શ્રીમદ્ વિજય ભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા આદિ ઠા.૨ તથા પૂ.પ્ર.સા.શ્રીભદ્રિકાશ્રીજી મ.આદિ ઠા.૪ દક્ષિણભારતમાં વિહાર કરી રહ્યાં છે. ચેન્નઈથી બેંગલોર તરફ આગળ વધી રહ્યાં છે.

દક્ષિણ ભારતની સરકારી સ્કૂલોમાં રોજ લગભગ મધ્યાહ્ન ભોજનમાં ઈંડાં અપાય છે.પ્રાઈવેટ સ્કૂલોમાં પણ અપાતાં હશે,એવું લાગે છે.સરકારી સ્કૂલોમાં ઉતારો મળતો હોવાથી આ વાતનો ખ્યાલ આવ્યો.ગામ-નગરોમાં ભરબજારમાં ખુલ્લેઆમ માંસ-મચ્છીની દુકાનો હોય છે. એક ગામમાં તો એવી સ્કૂલમાં ઉતારો મળ્યો કે સામે તથા આજુબાજુ ચીકન-મટનની દુકાનો અનેક હતી.હોટલોમાં પણ એ જ રંધાતું હતું.પૂજ્ય ગુરુભગવંત તથા સાધ્વીજી ભગવંતો ન રહી શક્યાં.છેવટે બીજે ઠેકાણે વ્યવસ્થા કરાવીને સ્થિરતા કરી. અલબત્ત, ત્યાં રૂમો વગેરે વ્યવસ્થિત ન હોવા છતાં નભાવી લીધું.કારણ, ચિકન-મટનની દુકાન જોતાં જ, એની વાસ આવતાં જ ઊલ્ટી ઊબકા થવા લાગ્યા.નિર્દય જીવો તો શાકભાજીની જેમ જીવોને હલાલ કરી નાંખે છે ! એમાં પણ રવિવારે તો સવારે ૪-૩૦થી આ બજાર ધમધમવા માંડે છે ! સોમવારથી શનિવાર કરતાં રવિવારે તો ખૂબ જ નોનવેજ વપરાય છે. આ બાજુની પ્રજાના લોહીમાં વ્યાપકરીતે હિંસા વણાયેલી જોવા મળે છે.

રોજનાં હજારો-લાખો ઈંડાં વેચવાવાળી દુકાનો પણ આ બાજુ જોવા મળે છે.પોલ્ટ્રી ફાર્મ પણ મોટાં મોટાં નજરે દેખાય છે. આ બાજુની પ્રજાના કોઈ પણ પ્રોગ્રામમાં નોનવેજનું ભોજન અવશ્ય જોવા મળે.રોજ કેટલા પંચેન્દ્રિય અબોલ જીવોની કતલ થતી હશે,એની ગણતરી કરવી અઘરી છે.સહજ થતાં મૃત્યુ તો અલગ. હિંસા-કતલની સાથે સાથે દારૂ પણ પાણીની જેમ વેચાય છે.તેથી આ બાજુમાં રહેનારા જીવો(ભલે જૈન પણ કેમ ન હોય)પણ કાં આવા પદાર્થો ખાતા કે પીતા થઈ જાય કાં તો એ પદાર્થો પ્રત્યેની સૂગ તો ખતમ થઈ જ જાય !મતલબ, નિઃશૂકતા આવી જાય.માટે જ શાસ્ત્રકારોએ; શ્રાવકોએ ક્યાં વસવું ? તેની પણ સુંદર જાણકારી આપી છે.શાસ્ત્રકાર ભગવંતોએ કેટલી ચિંતા કરી છે ?માત્ર સાધુ-સાધ્વીજીની જ નહીં,શ્રાવક-શ્રાવિકાની પણ એટલીજ ચિંતા કરી છે. વાસ્તવિક વિચારીએ તો જીવ માત્રની ચિંતા તેઓએ કરી છે.



મહા.વ.૮ ૭૨ જિનાલય રોકાઈ વ.૯ બતલાવરમ્ વ.૧૦ વરદઈપાલ્યમ્, થઈ વેણુગોપાલપુરમ્, બી.એન.કંડરીગે, પલમાણ થઈ વ.૧૩ તા.૨૧-૨-૨૦ ના રોજ શ્રીકાલહસ્તિ પધાર્યા.સ્થાનકમાં ઉતારો હતો.સ્કીમ કોલેજ,યારપેડુ થઈ ફા.સુ.૧ તા.૨૪-૨-૨૦ રેણીગુંટા પધાર્યા.શ્રાવકનાં ઘરોમાં ઉતારો મળ્યો.ત્યાંથી સુ.૨ તિરુપતિ પધાર્યા.અહીં જિનાલય-ઉપાશ્રય વગેરે છે. ગામમાં લગભગ ૧૦ ઘર મૂર્તિપૂજકનાં અને ૩૫ ઘર સ્થાનકવાસીનાં છે. અહીં થોડા દિવસ રોકાવાનું થયું. રોજ પ્રવચન થતાં. સંઘ તરફથી રોજ ૧૦-૧૦ રૂ.ની પ્રભાવના થતી.વચ્ચે બે દિવસ રામાપુરમ્ જઈ આવ્યા.ત્યાં બ્રહ્મરિષિ આશ્રમમાં જિનાલય છે.

ત્યાંથી સુ.૯ તા.૪-૩-૨૦ બુધવારે વિહાર થયો.પુડીપટલા, આયતાપલ્લી, કાસી પેંટલા, ગાદંકી, કોતકોટા, બંડેપલ્લી થઈ ફા.વ.૧ના ચિત્તૂર પધાર્યા. ત્યાંથી ગુડીપાલા - શ્રી લક્ષ્મી નરસિંહા કોલેજ થઈ વ .૪ + ૫ના રોજ વેલ્લૂર પધાર્યા. લગભગ ૨૦ માર્ચ તેનમપેટ, ૨૩. ૩ તિરુપ્પાતુર, ૨૭.૩ કૃષ્ણગિરિ, ૩-૪-૨૦ ના સુશીલધામ પહોંચવાની ધારણા છે.

**વિહારમાં સંપર્ક માટે - હિતેશ : ૯૪૨૯૦૨૨૦૨૨, ૬૩૫૧૦૧૦૭૯૦**

### અમદાવાદ-ટોળકનગરમાં પૂ.ગુરુદેવની પુણ્યતિથિની ઊજવણી

સમ્યગ્જ્ઞાનદાતા, સિદ્ધાંતસંરક્ષક, આગમાદિ શાસ્ત્રોની જીવંત લાયબ્રેરી સમાન, સમાધિના બેતાજ બાદશાહ પૂજ્યપાદ **આ.ભ.શ્રીમદ્વિજયમિત્રાનંદ -સૂરીશ્વરજી મહારાજાના** ૧૭ મા સમાધિપર્વની ઊજવણી;તેઓશ્રીના સમાધિસ્થળ-ધર્મતીર્થપ્રભાવક ધર્મોદ્યાન(૧૭,ટોળકનગર, પાલડી-અમદાવાદ)ના આંગણે ચૈ.સુ.૬ તા.૩૦-૩-૨૦૨૦ સોમવારના દિવસે થશે.

રાજનગરમાં બિરાજમાન વાત્સલ્યવારિધિ **પૂ.આ.ભ.શ્રીમદ્ વિજય નરચન્દ્રસૂરીશ્વરજી મહારાજા** આદિ પદસ્થો, શ્રમણ-શ્રમણી-ભગવંતો નિશ્રા પ્રદાન કરશે.

**ઉપદેશક : પૂ.આ.ભ.શ્રીમદ્વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજ**

તે દિવસે સવારે ૮-૪૫ કલાકે ગુરુપાદુકાના પાંચ અભિષેક તથા ગુરુ-ગુણ સ્તવનાદિ ૯-૦૦ કલાકે પૂજ્યશ્રીના ગુણાનુવાદ થશે.૯-૪૫ કલાકે શ્રીઆદિનાથ પંચકલ્યાણક પૂજા ભણાવાશે.સંગીત તથા વિધિવિધાન માટે રૂપેશભાઈ શાહની મંડળી પધારશે.અંતે પધારેલા સાધર્મિકોની ભક્તિ થશે.

**લિ.**

**સમ્યગ્જ્ઞાન શિબિર પબ્લિક ચેરીટેબલટ્રસ્ટ તથા આરાધક ગણ.** ધ

# ભોગનો ત્યાગ કોણ કરી શકે ?

**सुहिओ न चयइ भोए, चयइ जहा दुक्खिओ त्ति अलियमिणं।**

**चिक्कणकम्मोलित्तो, न इमो न इमो परिच्चयइ ।।१७२।।**

'જે રીતે દુઃખી જીવો ભોગનો ત્યાગ કરે છે, તે રીતે સુખી જીવો ભોગનો ત્યાગ નથી કરતા,'આવું બોલવું તે અસત્યવચન છે. ચીંકણાં(મોહનીયાદિ) કર્મોવાળો (ભારેકર્મી) સુખી જીવ પણ ભોગોને નથી છોડી શકતો કે નથી દુઃખી જીવ ભોગોને છોડી શકતો. મતલબ, ભોગના ત્યાગમાં સુખ-દુઃખ નહીં, કર્મની લઘુતા કારણભૂત છે.

- ઉપદેશમાળા